સ્પોર્ટ્સ, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર

ગુજરાત સાહિત્ય અકાદમી

# ગુજરાત સાહિત્ય અકાદમી

ઝવેરચંદ મેઘાણી ભવન, સેક્ટર-10-એ, ગાંધીનગર-382010
ફોન નં. 079-232-56797/98
ઈ-મેઈલ : gsagandhinagar@gmail.com

# અનુસંધાન
# શોધાર્થી
# આર્થિક સહાય યોજના

## સહાય ફાળવણી અને યોજના અમલીકરણનાં નિયમો

ગુજરાત સાહિત્ય અકાદમીનાં બંધારણની કલમમાં સાહિત્યક્ષેત્ર અભ્યાસ અને સંશોધનને ઉત્તેજન આપવાનું જણાવવામાં આવ્યું છે.

ભારતીય ભાષાઓમાં સમૃધ્ધ સાહિત્ય રચાયું છે, સચવાયું છે. ભારતની અમૂલ્ય સાંસ્કૃતિક ધરોહર એવા આ સાહિત્યમાં આપણી સાંસ્કૃતિક પરંપરા, મૂલ્યો અને વૈજ્ઞાનિક પરંપરાઓનું દર્શન થાય છે. ભારતીય ભાષાઓનાં સાહિત્યની નોંધ લઈ અને તેમાંથી પ્રેરણા લઈ સર્જન કરનારા અનેક વિદેશી મહાનુભાવો નોબેલ પારિતોષિક સુધી પહોંચ્યા છે. ગુજરાતમાં ગુજરાતનું લોકસાહિત્ય, ચારણી સાહિત્ય, કથા, વાર્તા, નવલકથા, સાહસકથા, કિશોરકથા અને બાળ વાર્તાઓનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ સાહિત્યમાં સંશોધન થઈ તેની વર્તમાન સાપેક્ષતા નવી પેઢી સમક્ષ પ્રસ્તુત થાય તે અત્યંત જરૂરી છે. સંશોધન એ સાહિત્ય સંવર્ધનની પૂર્વ શરત છે. આપણા મહાન ઋષિઓ-કવિઓ દ્વારા રચાયેલ સંસ્કૃત શ્લોકો હોય, રુચાઓ હોય, મંત્રો હોય કે પછી પ્રાચીન મધ્યકાલીન, અર્વાચીન સાહિત્ય હોય. પ્રત્યેકમાં માનવીય મૂલ્યો અને વર્તમાન સમસ્યાઓનો માર્ગ સમાધાન સુધી પ્રશસ્ત થાય છે. તેથી જ તો આજે પણ ભડલી વાક્યો પ્રસ્તુત છે. આપણા લોકસાહિત્યમાં રચાયેલ દુહાઓ –કાવ્યો પર્યાવરણ સંરક્ષણ – જાગૃતિનું પાયાનું કામ કરતા આવ્યા છે. સાહિત્યમાં જે તે પ્રદેશની સંસ્કૃતિનું દર્શન થાય છે. ગુજરાતના સમૃધ્ધ સાહિત્યને સંરક્ષિત અને સંવર્ધિત કરવા ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી કે જે ગુજરાતમાં બોલાતી ભાષાઓ છે તેમાં ગુણવત્તાયુક્ત સંશોધન થાય તે માટે સંશોધન પ્રકલ્પ અન્વયે બે પ્રકારે સહાય આપવાની વિચારણા હતી. જે માટે અકાદમીની કાર્યવાહક સમિતિની બેઠકમાં આ યોજના શરૂ કરવાનો નિર્ણય લેતા વર્ષ- ૨૦૨૪-૨૫ના નાણાંકીય બજેટમાં નવી બાબત સ્વરૂપે આ યોજનાને મુકવામાં આવેલ હતી. જેની વિભાગના તા.૨૮/૦૨/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક :SYCAD/GSA/e-file/19/2023/1702/F Section- Celebration દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

જે અન્વયે નીચે મુજબના પ્રકારે સહાય આપવાનું નક્કી કરેલ છે. જે સહાય મેળવવા તથા સહાય મંજૂર કરવા અંગેની કાર્યપદ્ધતિની રૂપરેખા તથા જરૂરી નિયમ કાર્યવાહક સમિતિએ મંજૂર કર્યા છે :

## : શોધાર્થી પ્રકલ્પ :

### (Research Facility at Academy – Two Years Program)

### અનુસંધાન

**સંવર્ધન... સંરક્ષણ... સંશોધન**

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતનાં યુવાનો ભાષા-સાહિત્યનાં ક્ષેત્ર માં સંવર્ધન, સંરક્ષણ અને સંશોધન કરી શકે તે માટે 'અનુસંધાન' શોધાર્થી પ્રકલ્પને ગુજરાત સરકારશ્રીએ મંજૂરી આપી છે. આ 'અનુસંધાન' યોજના અન્વયે અકાદમી અંતર્ગત છ ભાષાઓ ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી ભાષા સાહિત્યમાં સંશોધન માટેની દરખાસ્તોને સ્વીકાર કરવામાં આવશે. આ યોજના માટે લાભાર્થી સંશોધકને વધુમાં વધુ બે વર્ષ સુધી સંશોધન માટે માસિક આર્થિક સહાય રૂ.૨૨,000/- (અંકે રૂપિયા બાવીસ હજાર પુરા) (ક્ષેત્રકાર્ય અને વાહન ભથ્થા સહિત) આપવામાં આવશે.

- આ પ્રકલ્પ હેઠળ છ ભાષાઓનાં શોધાર્થીઓની પસંદગી કરવામાં આવશે.
- આ યોજના અન્વયે સંશોધક માટેની લઘુત્તમ લાયકાત નીચે મુજબ રહેશે.
  - સંશોધક છ ભાષાઓ (ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી) પૈકી જે ભાષા-સાહિત્યમાં કામ કરવા ઈચ્છુંક હોય તે ભાષા સાહિત્યમાં માન્ય યુનિવર્સિટીની Ph.Dની પદવી ધરાવતા હોવા જોઈએ.
  - સંશોધક હાલ કોઈ પણ પ્રકારની નોકરી કરતા ન હોવા જોઈએ. પગાર મેળવતા ન હોવા જોઈએ. અલબત, વિઝિટીંગ લેક્ચરર તરીકે કાર્યરત અધ્યાપકો આ યોજનામાં ભાગ લઈ શકશે.
- આ યોજના અન્વયે લાભાર્થી સંશોધકે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર ખાતે આવીને અકાદમીના અધ્યક્ષ અને જેતે માર્ગદર્શકનાં માર્ગદર્શનમાં સંશોધનકાર્ય કરવાનું રહેશે.
- આ યોજના અંતર્ગત માસિક સહાય મેળવવા માટે સંશોધકે એક માસમાં ઓછામાં ઓછા ૧૫ દિવસ અકાદમી ખાતે ઉપસ્થિત રહેવું અનિવાર્ય રહેશે. જેમાં ક્ષેત્રકાર્ય અને મુલાકાતોનાં સમયનો સમાવેશ થશે નહીં. ક્ષેત્રકાર્ય અને મુલાકાતો માટેના જરૂરી દસ્તાવેજો તૈયાર કરી ક્ષેત્રકાર્ય માટે મહામાત્રની મંજૂરી લઈ મુખ્યમથક છોડવાનું રહેશે.
- જો સંશોધકની લઘુત્તમ હાજરી અકાદમી ખાતે એક માસમાં ૧૫ દિવસ કરતા ઓછી હશે તો સહાય ચૂકવવાપાત્ર થશે નહી. તાત્કાલિક સહાય બંધ કરવામાં આવશે.

- **હાજરી અંગેના નિયમો:**

આ સાથે અનુસંધાન યોજના અંતર્ગત માન્ય રજાના નિયમો નીચે મુજબના રહેશે. આવી મંજૂરી સિવાય ભોગવેલ રજાઓ અમાન્ય ગણાશે અને તે સમયની રકમ ચૂકવવામાં આવશે નહીં.

**(૧) મેડીકલ લીવ**

કોઈ ગંભીર બીમારી કે શારીરિક સમસ્યા અન્ય અનિવાર્ય તબીબી કારણોસર મહામાત્રની પૂર્વ મંજૂરીથી જ શોધાર્થીની રજા મંજૂર કરવામાં આવશે. શોધાર્થીને મેડીકલ સર્ટી તથા ડોક્ટરની ભલામણ મુજબ એક વર્ષમાં વધુમાં વધુ 30 દિવસની રજા આપી શકાય છે. આમ છતાં જો તેની શારીરિક સ્થિતિમાં સુધાર ન જણાય તો તે રજાઓ સિવિલ હોસ્પિટલના ડોક્ટર દ્વારા પ્રમાણિત કરેલ સર્ટિફીકેટના આધારે બીજા 0૨ (બે) મહિના સુધી લંબાવી શકાય છે. આ માટે જે-તે રીપોર્ટ અને મેડીકલ સર્ટિફીકેટ રજૂ કરવાનું રહેશે તથા આ બાબતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરને સતત જાણ કરવાની રહેશે. મેડીકલ લીવ દરમિયાન શોધાર્થીને વધુમાં વધુ 0૧ મહિનાની સહાય મળવાપાત્ર રહેશે. જો આ સમયગાળો 30 દિવસથી વધુ હશે તો તેને પોર્ટલ પર ટેમ્પરરી બ્લોક કરવામાં આવશે પરંતુ અકાદમીના મહામાત્ર/માર્ગદર્શકની મંજૂરી પછી રીસર્ચ કાર્ય પુનઃ શરૂ કર્યા બાદ જ આગળની સહાય મળવાપાત્ર રહેશે. તમામ મેડીકલ રીપોર્ટ/સર્ટિફિકેટ પર સિવિલ હોસ્પિટલના ડોક્ટરશ્રીની કાઉન્ટર સહી થયા બાદ લાબી મેડીકલ લીવનો પ્રસંગ ગંભીર બીમારીથી ઉત્પન્ન થાય તો જ તેનો સમયગાળો આગળના સત્રોમાં ઉમેરવામાં આવશે. પરંતુ આના કારણે મળવાપાત્ર સહાયની કુલ રકમ વધશે નહીં..

**(૨) મેટરનિટી લીવ**

સંશોધન આર્થિક સહાયના સમયગાળા દરમિયાન મહિલા સ્કોલરને મહતમ ૧૮૦ દિવસની પ્રસુતિ રજાઓ સરકારી નિયમો મુજબ મળવાપાત્ર રહશે. આ માટેનું મેડીકલ પ્રમાણપત્ર રજાના સમયગાળા પૂર્વે મહામાત્ર દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમી ખાતે રજૂ કરવાનું રહેશે. શોધાર્થીને રજાના સમયગાળા દરમિયાન પોર્ટલ પર ટેમ્પરરી બ્લોક કરવામાં આવશે તથા રીસર્ચ કાર્ય પુનઃ શરૂ કર્યા બાદ આગળની સહાય મળવાપાત્ર રહેશે. મેટરનિટી લીવ આગળના સત્રમાં ઉમેરવામાં આવશે, કે જે ૧૮૦ દિવસથી વધુ માન્ય રહેશે નહી. મળવાપાત્ર કુલ રકમમાં આ કારણોસર કોઈ ઘટાડો થતો નથી. ફક્ત સમયગાળો લંબાય છે. ઉદા. કોઈ શોધાર્થીનો સંશોધન આર્થિક સહાયનો સમયગાળો જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૬ એટલે કે ૨ વર્ષ સુધીનો છે. આ દરમિયાન તેણીએ ૬ મહિનાની મેટરનિટી લીવ ૧ જૂન ૨૦૨૫ થી ૧૦ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં લીધેલ છે. અને તેનું સંશોધન કાર્ય ૧ ડિસેમ્બર ૨૦૨૫માં પુનઃ શરૂ કરે તો તેનું સ્કોલરશીપ વર્ષ જૂન ૨૦૨૭ સુધી લંબાવવામાં આવશે. પરંતુ મળવાપાત્ર આર્થિક સહાયની કુલ રકમ યથાવત રહેશે. વધારો માત્ર સત્ર પૂરતો જ રહેશે. ટૂંકમાં મેટરનિટી લીવ મળશે પરંતુ એ લીવનાં સમયગાળા દરમ્યાન માસિક સહાય બંધ રહેશે, સહાય મળવાપાત્ર થશે નહીં.

(૩) ડ્યુટી લીવ

સંશોધન કાર્ય માટે ફિલ્ડ વર્ક, સેમ્પલ/ડેટા કલેક્શન, સેમ્પલ ટેસ્ટીંગ, સેમ્પલ એનાલીસીસ, કેસ સ્ટડી ચેપ્ટર રાઈટીંગ, બીજી યુનિવર્સિટીમાં માર્ગદર્શન, મર્યાદિત સમય પૂરતી પરદેશની યુનિવર્સિટીની/ એક્ષપર્ટની મુલાકાત અથવા ગુજરાત રાજ્ય, ભારત દેશ કે આંતરરાષ્ટ્રીય વર્કશોપ / કોન્ફરન્સમાં ભાગ લેવાનો હોય તે શોધાર્થીની આવી બધી કામગીરી ડ્યુટી લીવ ગણાશે. આવી ડ્યુટી લીવ એકમાસમાં ૧૫ (પંદર) દિવસથી વધવી ન જોઈએ. જેની પરવાનગી પોતાના માર્ગદર્શક, મહામાત્ર પાસેથી લેવાની રહેશે. આ માટે શોધાર્થીએ કોન્ફરન્સ કે વર્કશોપ સર્ટીફીકેટ/ પ્રમાણપત્ર તથા અન્ય પુરાવાઓ ગુજરાત સાહિત્ય અકાદમી સમક્ષ મહામાત્રની સહી લીધા પછી રજૂ કરવાના રહેશે. ત્યાર બાદ જ ડ્યુટી લીવ મંજૂર થયેલ ગણાશે.

(૪) શોધાર્થીના પોતાના કુટુંબમાં અકસ્માત/સામાજિક/લગ્ન/મરણ પ્રસંગ અથવા અન્ય કારણો માટે યોગ્ય પુરાવા મહામાત્ર/માર્ગદર્શક સમક્ષ રજૂ કરી સમગ્ર પ્રોજેક્ટકાલ દરમિયાન તેમની મંજૂરીથી વધુમાં વધુ ૧૫ (પંદર) દિવસની લીધેલી રજા માન્ય ગણાશે, જે મહામાત્ર/માર્ગદર્શકની રજૂઆતના આધારે ગુજરાત સાહિત્ય અકાદમી માન્ય કરશે અને તે સમયની આર્થિક સહાય ચૂકવાશે.

(૫) શોધાર્થીને અકાદમી દ્વારા એક માર્ગદર્શક ફાળવવામાં આવશે. શોધાર્થીએ અકાદમી દ્વારા ફાળવેલ માર્ગદર્શક પાસેથી માર્ગદર્શન લેવાનું રહેશે. વિશિષ્ટ સંજોગો/પરિસ્થિતિમાં અકાદમીના મહામાત્ર અને અધ્યક્ષની મંજૂરીથી માર્ગદર્શક બદલી શકાશે.

(૬) શોધાર્થી દ્વારા દરેક બાબતે પ્રથમ પોતાના માર્ગદર્શક પાસેથી માર્ગદર્શન મેળવવાનું રહેશે. દરેક સર્ટીફીકેટ/રજૂઆત પર તેમની સહી લેવાની રહેશે. આમ છતાં સ્પષ્ટતા ના થાય તો જ ગુજરાત સાહિત્ય અકાદમીનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવવાનું રહેશે.

- અનુસંધાન યોજના હેઠળ પસંદગી પામેલ શોધાર્થીઓએ માસિક હાજરી રિપોર્ટ, સતત મૂલ્યાંકન અહેવાલ અને પ્રોગ્રેસ રિપોર્ટ જમા કરાવવા માટેની સૂચનાઓ

(૭) ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ સંશોધન આર્થિક સહાય યોજનાના ઠરાવમાં જણાવ્યા અનુસાર આ યોજના હેઠળ લાભ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓએ અકાદમી ખાતે નિયમિત રીતે ઓછામાં ઓછા ૫૦% હાજરી આપેલી હોવી જોઈએ. આ અંગે માર્ગદર્શક અને મહામાત્રનું પ્રમાણપત્ર દરેક માસના તથા દરેક સત્રના અંતે કોન્સોલીડેટેડ સર્ટીફીકેટ શોધાર્થીએ જમા કરાવવાનું થાય છે.

(૮) આ સાથે શોધાર્થીએ માર્ગદર્શક અને મહામાત્રનો સંતોષકારક કામગીરી માટેનો સતત મૂલ્યાંકન અહેવાલ (Continuous Evaluation Report) દર માસે જમા કરાવવાનો થાય છે. સંતોષકારક મૂલ્યાંકન અહેવાલ અકાદમી ખાતે જમા કરાવ્યા બાદ તેની પ્રમાણભૂતતા ચકાસીને જ સહાયની આગળની રકમ મળવાપાત્ર રહે છે. અકાદમી દર છ માસે સંશોધન કાર્યની સમીક્ષા કરે, ત્યારે અચૂક –અનિવાર્ય ઉપસ્થિત રહેવાનું રહેશે.

આ યોજના હેઠળ અરજીઓ સ્વિકારવાનું તા.૧૦/૦૯/૨૦૨૪થી શરૂ થશે. શોધાર્થીએ www.gujaratsahityaacademy.com પર ઓનલાઈન અરજી કરી, અરજીની અને સાધનિક કાગળોની પ્રિન્ટ લઈ અકાદમી ખાતે મોકલી આપવાની રહેશે. અરજી કરવાની છેલ્લી તા.30/0૯/૨૦૨૪ અકાદમી ખાતે કાગળો સહિત અરજી પહોંચાડવાની છેલ્લી તા.૦૫/૧૦/૨૦૨૪ છે. પ્રિન્ટ લીધેલી અરજીઓ કુરિયર, પોસ્ટ કે રૂબરૂ સ્વિકારી શકાશે.